બેદરકારીથી બે મજુરોના મૃત્યુ અંગે એક વર્ષ બાદ ગુનો દાખલ થયો

ખુલ્લા વિજ વાયરોથી મૃત્યુ થયું હતું : લેબર કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ગુનો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક કુડાસણ પાસેની દિવ્યજીવન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ સાઈટ પર એક વર્ષ અગાઉ બે મજુરોનાં વિજ કરંટથી મૃત્યુ થયા હતા. આ કિસ્સાનો રીપોર્ટ ગઈકાલે પોલીસને મળતા વિજ નિયમોમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે આજે સેક્ટર-૭ પોલીસે લેબર કોન્ટ્રોક્ટર વિરૂદ્ધ કલમ ૩૦૪ (અ) મુજબ ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ એક વર્ષ અગાઉ ગાંધીનગર પાસેના કુડાસણા વિસ્તારની દિવ્યજીવન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ સાઈટમાં કામગીરી ચાલુ હતી તે દરમ્યાન બે શ્રમિકોને વિજ કરંટ લાગતા મૃત્યુ થયાની ઘટના બનવા પામી હતી. તે વિસ્તારમાં પાણીનો હોજ હતો અને તેની બાજુમાં જ પાણીની મોટર લગાવાયેલી હતી અને તેની પાસે આમતેમ ખુલ્લા વિજવાયરો પણ પડ્યા હતા. જ્યારે તેની બાજુમાં જ મજુરી કામ ચાલુ હતુ. તે દરમ્યાન વિજ કરંટથી બે ના મૃત્યુ થયા હતા. આ સંદર્ભે સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આરંભી હતી. દરમ્યાન ગઈકાલે એક વર્ષે રીપોર્ટ આવતા બહાર આવ્યું કે લેબર કોન્ટ્રાક્ટર દ્વારા વિજ નિયમોમાં ભયંકર બેદરકારી દાખવવામાં આવી હતી. તેજ બેદરકારીને કારણે બે ના મૃત્યુ થયા હતા. આજે સે. ૭ પોલીસમથકના પી.એસ.આઈ. સી.કે. ખરાડીએ લેબર કોન્ટ્રાક્ટર ગીરીષ ગોવિંદ પરમાર વિરૂદ્ધ ગુનો દાખલ કરી સઘન કાર્યવાહી શરૂ કરી છે.



સેક્ટર-૨૧માં કાર્યરત માઉન્ટ કાર્મેલ સ્કૂલની કંપાઉન્ડ વૉલની બહાર જ્યાં વિદ્યાર્થીઓનાં વાહનો પાર્ક થાય છે ત્યાં એક સુકું ઝાડ ભયજનક અવસ્થામાં ઝળુંબી રહ્યું છે. વિદ્યાર્થીઓ અને રાહદારીઓના હિતમાં પણ આ ઝાડ અહીંથી ખસેડી લેવાય એ હિતાવહ છે. (તસવીર : દિપક જાની)

આજે જલારામ મંદિરમાં ભાગવત સપ્તાહમાં નૃસિંહ પ્રાગટ્ય દર્શન

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે શ્રી કર્ણવભાઈ જોશીની વ્યાસ પીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં આજે તા. ૨૯મી ઓગસ્ટે નૃસિંહ પ્રાગટ્ય દર્શન તથા ઝાંખી દર્શન યોજાશે.

પિતાના ઠપકાથી પુત્ર માતાની વીંટીઓ લઈને ચાલ્યો ગયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરનાં સે-૫માં રહેતો ધો-૯માં અભ્યાસ કરતો ૧૬ વર્ષીય વિદ્યાર્થી ગઈકાલે સવારે પિતાએ ભણવા બાબતે ઠપકો આપતાં માતાની બે સોનાની વીંટી અને રૂ. ૭૦૦ રોકડા લઈને ચાલ્યો ગયો હતો. જે અંતર્ગત પોલિસે જાણવા જોગ અરજીને આધારે કરેલી આખો દિવસની શોધખોળ બાદ સાંજે કિશોર ગાંધીનગરથી જ મળી ગયો હતો. સવારથી જ નાસીપાસ થયેલાં પરિવારજનોમાં કિશોરની ભાળ મળતાં હાશકારાંની લાગણી જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બાળકો તેમજ કિશોરોમાં નાની નાની બાબતો કે પ્રશ્નોને લીધે ઘર છોડીને ચાલ્યાં જવાનાં વધી રહેલાં કિસ્સાઓ સમાજ માટે લાલબત્તી સમાન બની રહ્યાં છે.

ગણેશ મહોત્સવ સમિતિ સે. ૨/સીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૨-સી ખાતે તાજેતરમાં ગણેશ મહોત્સવ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સમિતિના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ મહોત્સવ અંતર્ગત સેક્ટર-૨-સી ખાતે ગણેશ મહોત્સવ સમિતિના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે વિક્રમ દેસાઈ (બંટી), ઉપપ્રમુખ તરીકે પરેશ પરમાર, રાકેશ પંડ્યા, ચિરાગ પ્રિયદર્શી, અશોક પારકર, મહામંત્રી તરીકે ગૌરવ રાણવા, મેહુલસિંહ ઝાલા, સહમંત્રી તરીકે સ્નેહલ વાણિયા, ચંદન પરમાર, પ્રદ્યુમનસિંહ બિહોલા, જયરાજસિંહ વાઘેલા, સંગઠન મંત્રી તરીકે પ્રસાંત પારકર, જીતેશ જાદવ, કેતન ઠાકોર અને મહેશ ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. છેલ્લા દશ વર્ષથી પ્રમુખ તરીકે વિક્રમ દેસાઈ સર્વાનુમતે વરણી પામે છે. એમ જણાવી સ્થાનિક રહીશોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

શહેર અગ્રણી સમક્ષ વિજયા બેંકનું તોછડાઈ ભર્યું વર્તન

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૧૧માં રાષ્ટ્રીયકૃત વિજયા બેંકમાં વયસ્કોને પરેશાની ભોગવવી પડે છે. નોન- ગુજરાતી સ્ટાફ હોવાથી ભાષાની તકલીફથી ગ્રાહકો ભારે મુશ્કેલી પડે છે. સ્ટાફનું વર્તન સીનીયર સીટીઝનો સામે તોછડાઈ ભર્યું હોય છે. જેનો અનુભવ ગાંધીનગર જાગૃત નાગરિક અને સેકટર-૭ડી શહેરી જન સંસ્થા તથા નિવૃત્ત અધિકારી મંડળ, પેન્શનર્સ સમાજના અગ્રણી જયંતભાઈ ભટ્ટને કડવો અનુભવ થયેલ છે.

સેકટર-૭/ડી નવરાત્રિ મહોત્સવ સમિતિ અને નિવૃત્ત અધિકારી મંડળના વર્ષોથી ખાતાઓ છે. તેમ છતાં બેંક તરફથી સહી મળતી નથી તેમ કહીને જરૂરી સમયે નાણાં મેળવી શકતાં નથી. જે ખૂબ જ ગંભીર બાબત છે. આ અંગે રીઝર્વ બેંક સમક્ષ ઉગ્ર રજૂઆત થનાર છે. તો બેંક તરફથી માયાળુ તથા ગ્રાહકલક્ષી વ્યવહાર થાય તે લોકો ઈચ્છી રહ્યા છે.

વહી ગયેલા વરસાદે પાછું વળીને જોતાં છત્રી અને રેઈનકોટની જરૂરિયાત પણ ઉદ્‌ભવવા લાગી છે. કેટલાકે નવી ખરીદી કરી તો કેટલાકે જૂની છત્રીઓ રિપેર કરાવીને પણ કામ ચલાવ્યું છે. (તસવીર : દિપક જાની)

સેકટર-૧૨માં 'જ' કેટેગરીના ભયજનક બ્લોકમાં બે પરિવારજનોનો વસવાટ!

વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે પરિવારજનો જોખમી સ્થિતિમાં રહે છે!

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી કેટલાક ચોમાસા દરમિયાન ભયજનક હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સે-૧૨માં 'જ' કેટેગરીના આવા જ એક મકાનને તંત્રએ ભયજનક જાહેર કર્યા બાદ પણ બે પરિવારો જોખમી સ્થિતિમાં વસવાટ કરતા હોવાનું ધ્યાને આવ્યું છે.

સરકારી આવાસોના મજબૂતીકરણ પાછળ તબક્કાવાર કરોડોનું આંધણ થયા બાદ હજુ પણ સેકટરોમાં સ્થિત અમુક મકાનો જોખમી હોવાનું ધ્યાને આવી રહ્યું છે. સરકારી આવાસોમાં ભયજનક સ્થિતિ વચ્ચે વસવાટ કરતા રહીશોને મોટામસ પોપડા ખરવાથી ઈજાઓ થઈ હોવાના કિસ્સાઓ પણ અગાઉ તંત્રની આંખ સામે આવ્યા છે. જયારે થોડા સમય પૂર્વે તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે પ્રાથમિક તબક્કે ભયજનક માલુમ પડતા હોય તેવા મકાનો તંત્ર દ્વારા ખાલી કરાવાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સે-૧૬માંથી પણ ભયજનક મકાનો ખાલી કરાવી દેવાયા છે. આ તબક્કે સે-૧૨માં સ્થિત 'જ' કેટેગરીનો બ્લોક નં. ૧૪૨ ભયજનક સ્થિતિમાં હોવાનો એકરાર ખુદ તંત્રએ કર્યો હોવા છતાં હાલની સ્થિતિએ આ બ્લોકમાં બે પરિવાર જોખમી હાલતમાં વસવાટ કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. તંત્ર દ્વારા આ બ્લોક પાસે કોઈએ પ્રવેશ કરવો નહીં તેવું સૂચક બોર્ડ મુકાયા બાદ પણ આ મકાનો ખાલી કરાવાયા નથી. બીજી તરફ આ બ્લોકમાં વસવાટ કરતા બે પરિવારના ૮ સભ્યો માટે રહેણાંકની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી ન હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે.

૧૦૮ ઈમરજન્સી સેવાને હવે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે પણ સાંકળી લેવાશે

૫ વર્ષમાં જિલ્લામાં ૭૯ હજાર ઈમરજન્સી કોલ એટેન્ડ કરી ઈજાગ્રસ્તોને મોતના મુખમાંથી ઉગાર્યા

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં છેલ્લા ૫ વર્ષ, ૧૦૮ ઈમરજન્સી સર્વિસ દ્વારા ૩૧.૬૨ લાખ ઈમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં માર્ગ અકસ્માત, પ્રસુતિપીડા, સર્પદંશના કિસ્સામાં ઈમરજન્સી એમ્બ્યુલન્સે ૭૯ હજાર કોલ એટેન્ડ કરી સંખ્યાબંધ જીવોને મોતના મુખમાંથી ઉગારવાની ઉમદા કામગીરી બજાવી છે. મેડીકલ, પોલીસ-ફાયરક્ષેત્રે સેવા આપતી ઈમરજન્સી સર્વિસને પાંચ વર્ષ પુરા થતા આગામી સમયમાં હવે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે અસરગ્રસ્તોની મદદ માટે એમ્બ્યુલન્સ દોડતી થશે.

૧૦૮ ઈમરજન્સી સર્વિસનો ૨૯ ઓગષ્ટ વર્ષ૦૭ દરમિયાન પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં પાંચ વર્ષ પૂર્ણ થતા આ નિમિત્તે વધુ લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી વિવિધ એક્ટીવીટીઝનું આયોજન કરવામાં આવ્યું છે. સે. ૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે આજે આ સેવાનો લાભાર્થીઓની એક મીટ યોજવામાં આવી હતી. આ તબક્કે માર્ગઅકસ્માત, પ્રસુતીપીડા, સર્પદંશ સહિત અન્ય બિમારીઓના કિસ્સામાં ઈમરજન્સી સેવાના સથવારે મોતના મુખમાંથી પરત આવેલા લાભદાયકોએ પોતાના હૃદયસ્પર્શી પ્રતિભાવો રજુ કર્યા હતા. ગુજરાતના હેડ જશવંત પ્રજાપતિ, હેડ ઓપરેશન્સ હીરેન ભટ્ટે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ૩૧.૬૨ લાખ ઈમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. આ પૈકી ૧૦.૫૮ લાખ પ્રસુતિપીડાના કિસ્સામાં પણ તાત્કાલિક સેવા પુરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૦૭માં માત્ર ૧૪ એમ્બ્યુલન્સ સાથે ગાંધીનગર અમદાવાદમાં શરૂ થયેલી આ સેવા અન્વયે હાલ ૫૦૬ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થઈ છે. ગાંધીનગર જિલ્લામાં પણ પ્રારંભથી અત્યાર સુધી ૭૯ હજાર ઈમરજન્સી કોલ અન્વયે સેવા પુરી પાડવામાં આવી છે. રાજ્યમાં દર ૧ લાખે ૩૦૦ સગર્ભા માતાના મોતનું પ્રમાણ પણ ઈમરજન્સી સેવાના પરિણામે ઘટીને ૧૫૦ સુધી નીચુ પહોંચ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ વેળાએ પ્રસુતિપીડા વેળાએ પણ ઈમરજન્સી સેવાનો સગર્ભા મહિલાઓ મહત્તમ લાભ લે તેમ પણ જણાવ્યું હતું. મેડીકલ, પોલીસ અને ફાયર ક્ષેત્રે દોડતી ઈમરજન્સી એમ્બ્યુલન્સ હવે ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કામ પણ શરૂ કરશે. કુદરતી આપત્તિ અને હોનારતના સંજોગોમાં અસરગ્રસ્તોને સહાય અને મદદ પહોંચાડવા પણ ઈમરજન્સી સેવાને ડિઝાસ્ટર મેનેજમેન્ટના કાર્યક્ષેત્ર સાથે પણ ટૂંકમાં સાંકળી લેવાશે.

સે. ૨૧ શ્રીજીની હવેલી ખાતે ૩૦મીએ રાજભોગ

ગાંધીનગર, તા. ૨૮

પરમ વદુષી પૂ. પા.ગો.શ્રી ૧૦૮ ઈન્દિરા બેટીજી મહોદયાની અધ્યક્ષતામાં પુરુષોત્તમ માસમાં શ્રીજી ગોવર્ધન નાથજીની હવેલી ગાંધીનગરમાં તા. ૩૦મી ઓગસ્ટે રાજભોગ રાખવામાં આવ્યો છે. તો દર્શનનો લાભ ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે જણાવેલ છે.

ગાંધીનગર શહેરના પ્રજાપ્રશ્નો ઉકેલવા માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખશ્રી કેશરી સિંહજી બિહોલાએ અખબારી યાદીમાં જણાવેલ છે કે, ગાંધીનગરનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. જેમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવી રહ્યા છે. જેનો નિકાલ થતો નથી. જેમાં જાહેર રસ્તાઓ તૂટી ગયેલ છે. જે મરામત થતા નથી. બાગ-બગીચા, રંગમંચો ખંડેર બનતા જાય છે. સેકટરોના આંતરિક રસ્તા બિસ્માર હાલતમાં છે. મુખ્ય રસ્તાઓ પર આડેધડ ખોદકામ કરવાથી ભુવાઓ પડી ગયા છે. દરેક સેકટરમાં ૨૦ટકા વીજળી થાંભલા વર્ષોથી બંધ છે. પાલજ, બાસણા, ઈન્દ્રોડા, ગામોમાં ગટર લાઈન ખાડા વ્યવસ્થિત પુરેલ નથી. સંત સરોવરનું કામ અભરાઈ પર ચડી ગયું છે. ઝુંપડપટ્ટી અને દબાણો વધતા જાય છે. તો સત્વરે જરૂરી કાર્યવાહી કરવાની જરૂર છે.

સે. ૬માં વધતી ઝૂંપડપટ્ટીને તાકીદે હટાવવા ઉગ્ર માંગણી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સે. ૬માં એ અને ડી ના ખુલ્લા વિસ્તારોમાં વધતી જતી ઝૂંપડપટ્ટીને તાકીદે દૂર કરવાની માંગ આ વિસ્તારના રહીશોએ કરી છે.

આ વિસ્તારના રહીશોએ જણાવ્યુ છે કે ઝૂંપડપટ્ટી જે રીતે આ વિસ્તારોમાં વિસ્તરી રહી છે તેને કારણે ગંદકીનું પ્રમાણ વધ્યુછે. તેમજ આ પંથકના સર્વિસ રોડ પરથી મુસાફરી પણ ના થઈ શકે તેટલી દુર્ગંધનું વાતાવરણ બની જવા પામ્યુ છે. જેને લી આ વિસ્તારમાં રોગચાળાની સ્થિતિનું નિર્માણ થાય તેવો ભય ઉભો થયો છે.

સે. ૬-એ માં કડિયા નાકા તરીકે પ્રસિદ્ધ થયેલા વિસ્તાર તેમજ સે. ૬-ડીમાં વિટકોસના બસ સ્ટેન્ડને લઈ લોકો જાહેરમાં મળત્યાગ કરતા હોવાથી આ વિસ્તારના રહીશો માટે જીવન જીવવું દોહ્યલુ બન્યુ છે. અહિ જાહેર શૌચાલયની સુવિધા ઉભી કરવાની પણ માંગ આ વિસ્તારના રહીસોએ કરી છે.

ગાંધીનગર ખાતે સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ્સ સંકુલ - સ્વામી વિવેકાનંદ લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૮

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું છે કે, રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં યુવાધનને કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવે છે. ગુજરાત ઉદ્યોગોને જરૂરી એવું કુશળ માનવબળ પુરું પાડવા અગ્રેસર છે ત્યારે કૌશલ્ય વિકાસ અને વ્યવસાયિક તાલીમ મેળવી યુવાશક્તિ સ્વરોજગારી મેળવી ગૌરવભેર જીવન જીવે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે રૂા. ૧૯ લાખના ખર્ચે નિર્માણ થયેલ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટસ સંકુલ અને સ્વામી વિવેકાનંદ લાયબ્રેરીના ઉદઘાટન પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ જણાવ્યું કે, સ્વામી વિવેકાનંદ યુવા વર્ષ નિમિત્તે યુવાનોની શારીરિક ક્ષમતા વધે અને સ્પોર્ટસની તાલીમ મળે તે માટે વર્ષ ૨૦૧૨-૧૩માં રાજયની પાંચ સંસ્થાઓમાં સ્પોર્ટસ સંકુલ માટે રૂા. ૩૫ લાખ અને યુવાનોમાં જ્ઞાનનો વધારો થાય તે હેતુસર રાજયની પાંચ સંસ્થાઓમાં ઈ-લાયબ્રેરી માટે રૂા. ૬૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તદઅનુસાર પાટનગરની આ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં તાલીમાર્થી યુવાધનને આ બંને સુવિધાનો લાભ મળશે.

સ્વામી વિવેકાનંદ ઈ-લાયબ્રેરીમાં વિવિધ વિષયોના પુસ્તકો, દ્રશ્યશ્રાવ્યના સાધનો અને ઈન્ટરનેટ, ઈ-મેઈલ દ્વારા કોમ્પ્યુટરના આધુનિક સાધનોની વ્યવસ્થાથી તાલીમાર્થીઓ સતત વૈશ્વિક બજાર માંગ સાથે સંકળાયેલાં રહેશે. જયારે ક્રિકેટ, વોલીબોલ, બેડમીન્ટન, કેરમ, ચેસ, ટેબલ-ટેનીસ, જીમ્નેશીયમ તથા અંગ કસરત કરવા માટેના અત્યંત આધુનિક સાધનોનો ઉપયોગ વિદ્યાર્થીઓ રીશેષના અને ફાજલ સમયમાં કરી શકશે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે ગાંધીનગર આઈ.ટી.આઈ. ખાતે મળેલી સુવિધાઓ બદલ રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૮૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૩૦, ૩.૦૦
ધ એક્ષપન્ડેબલ-૨ (અંગ્રેજી) : ૮.૦૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૩.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૪ : એક થા ટાઈગર : ૧૦.૦૦, ૪.૩૦
શીરીન ફરહાદ કી તો નિકલ પડી : ૨.૩૦, ૭.૩૦
ગેન્સ ઓફ વાસેપુર -૨ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૪૫, ૧.૧૫, ૩.૪૫, ૬.૧૫, ૮.૪૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્સ્પેક્ટર અર્જુન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
શીરીન ફરાહદ કીતો નિકલ પડી : ૧૦.૩૦,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.,

ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં કમલ તલાઈ મનોરથ અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.

આપની આજ

મેષ : કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : આપના થકી નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

કર્ક : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

ચિરવિદાય

- સ્વ. મધુબેન મોહનભાઈ પટેલ (ઉ.વ. ૭૬) મુ.પો. મગોડી, તા.,જિ. ગાંધીનગર.